પ્રેસ પ્રકાશન

ભારતીય રિઝર્વ બેંક
વેબસાઈટ : www.rbi.org.in

સંચાર વિભાગ, કેન્દ્રીય કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001
ફોન : 91 22 2266 0502 / ફેક્સ : 91 22 2266 0358

ઈ-મેઈલ : helpdoc@rbi.org.in

તારીખ: 05 ઓક્ટોબર 2018

**આરબીઆઈ ધી નવનિર્માણ કો-ઓપરેટીવ અર્બન બેંક લિમિટેડ, હૈદરાબાદ, તેલંગાણા પર દંડ લગાવે છે**

ભારતીય રિઝર્વ બેંકે, બેંકિંગ રેગ્યુલેશન એક્ટ, 1949 (એ એ સી એસ) ની, કલમ 46 (4) સાથે વંચાણમાં લેતાં, કલમ 47 A (1) (c) ની જોગવાઈઓ અંતર્ગત તેને મળેલી સત્તા નો ઉપયોગ કરી ધી નવનિર્માણ કો-ઓપરેટીવ અર્બન બેંક લિમિટેડ, હૈદરાબાદ, તેલંગાણા પર "એક્સપોઝર નોર્મ્સ એન્ડ સ્ટેચ્યુટરી / અધર રીસ્ટ્રીક્શન્સ-યુસીબી" પરની ભારતીય રિઝર્વ બેંકની સૂચનાઓ / માર્ગદર્શિકાઓ/ નિર્દેશોનું ઉલ્લંઘન કરવા બદલ ₹ 50,000 (રૂપિયા પચાસ હજાર) નો નાણાંકીય દંડ લગાવેલ છે.

ભારતીય રિઝર્વ બેંકે ઉક્ત બેન્કને કારણદર્શી નોટીસ આપેલી હતી, જેના જવાબમાં બેંકે લેખિત પ્રત્યુત્તર રજૂ કર્યો હતો. કેસ ના તથ્યો, આ બાબત અંગે બેન્કનો પ્રત્યુત્તર અને મૌખિક રજૂઆત પર વિચારણા કરી, ભારતીય રિઝર્વ બેંક એવા તારણ પર આવી કે ઉપરોક્ત ઉલ્લંઘનો પ્રમાણભૂત હતા અને નાણાકીય દંડ લગાવવો જરૂરી હતો.

**અજીત પ્રસાદ**
સહાયક સલાહકાર

**પ્રેસ પ્રકાશન: 2018-2019/798**